Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેર અને અવિચાર

[કેટલીક પ્રાચીન વાર્તાઓ]

સંપાદક
ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ६०म
१५
३०६३६

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ–૭૯

વેર અને અવિચાર

[કેટલીક પ્રાચીન વાર્તાઓ]

CHECKED 1973
Initial

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ६०७१
आगत सं०.....
तिथि०.....
गुरुकुल ग्रन्थालय काँगडी.

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૫,૦૦૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

૭ આના એપ્રિલ, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

વગર વિચાર્યે વર્તવાથી પોતાને પગે જાતે કુહાડો મારવા જેવું થાય છે, એ તો જાણીતી વાત છે. પણ પોતાને થયેલા કે માની લીધેલા નુકસાનનો બદલો લેવા સામાને નુકસાન કરવા જવામાં પણ પોતાને પગે જ કુહાડો મારવા જેવું થાય છે — 'બદલો લેવામાં સારો બદલો નથી!' — એ વાત એટલી જાણીતી નથી. અથવા ઝટ ગળે ઊતરતી નથી. તેથી જ 'આણે મને માર્યો; આણે મને નુકસાન કર્યું; હું પણ તેને મારીશ, હું પણ તેનું નુકસાન કરીશ' — એમ મનમાં ઘૂંટી ઘૂંટીને દ્વેષ અને વેરની આગ વ્યક્તિઓ વચ્ચે કે રાષ્ટ્રો વચ્ચે પ્રગટે છે.

આ બધામાંથી બચવાનો રસ્તો સમજી-વિચારીને અવેરભાવે વર્તવામાં રહેલો છે — એ જાતના અમૂલ્ય ઉપદેશને જુદા જુદા પ્રસંગોની કથાઓ દ્વારા મૂર્તિમંત કરતી આ સીધી સાદી નાની પ્રાચીન વાર્તાઓ છે.

વાચક જોશે કે, તે વાર્તાઓ મુખ્યત્વે આપણી સંસ્કૃતિના શ્રમણ- એટલે કે બુદ્ધ-મહાવીર- યુગની છે. એ યુગનું મહત્ત્વ એ છે કે, તે કાળનો આપણા દેશનો સમાજ તેના વિકાસની એ કક્ષાએ હતો કે જ્યારે સામુદાયિક સમાજજીવનમાં પણ પ્રેમ અથવા અવેર અને સત્ય અથવા વિચારમય જીવનની જરૂર તરફ ખાસ ધ્યાન ખેંચવું જોઈએ; તો જ યજ્ઞયાગના યુગમાંથી આવી ગયેલી ક્રિયાકાંડી જડતામાં નવજીવન પ્રેરાય. ત્યારે ક્ષત્રિય સમાજ આગેવાન વર્ણ હતો. એટલે ઉપરની પરિસ્થિતિનું નિરીક્ષણ કરીને ધર્મપરિવર્તન વિચારવા, તે સમાજમાંથી જ બુદ્ધ અને વર્ધમાન એ બે મહા વીરો બહાર પડ્યા હતા. તેમણે પ્રેમ અને સત્યના સનાતન જીવનતત્ત્વને નકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજુથી બતાવવા વેર અને અવિચાર કેવાં સમાજઘાતક અને લોક-વિગ્રહી અપબળ છે, તે ખાસ ધ્યાન પર આણ્યું. તેને લોકગત કરવા કથાશૈલી અખ્તિયાર કરવામાં આવી. આ વાર્તાઓ એ સાહિત્યમાંથી વીણેલી છે. આજે પણ એમનો સંદેશો અમર છે, એ કહેવાની જરૂર નથી. આશા છે કે, નાનાં મોટાં સૌને એ વાંચવી ગમશે.

૨૯-૩-'૫૭

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
૧. એ વેપારી	૫
૨. એ ફેરિયા	૧૧
૩. સામાવતી	૧૬
૪. કુબ્જા દાસી	૨૪
૫. માગંદિયા રાણી	૨૬
૬. વેરનાં માઠાં ફળ !	૩૦
૭. સારો બદલો !	૩૭
૮. સાચું ધન	૪૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

બે વેપારી

પ્રાચીન કાળમાં કાશીમાં બે વેપારી રહેતા હતા. એક વિચારીને કામ કરનારો હતો; અને બીજો અવિચારી હતો.

વેપારમાં બંને પાવરધા હતા. પાંચસો ગાડાંમાં કીમતી બનારસી માલ ભરીને તેઓ વણજર કાઢતા; અને દૂર દેશાવરમાં જઈ ભારે કમાણી કરી આવતા.

એક વખત બંનેને દૂરના એક જ દેશમાં જવાનો વિચાર થયો. ત્યાં જતાં રસ્તામાં સાઠ જોજન લાંબું-પહોળું એક રણ આવતું હતું. તેમાં માણસ-ખાઉ ઠગ સિવાય બીજું કોઈ રહેતું નહીં.

બંને જણાએ માલ ભરીને ગાડાં તૈયાર કરાવ્યાં તથા સાથે હથિયારબંધ ચોકીદારો લીધા.

વિચારવંત વેપારીને લાગ્યું કે, અમે બંને જણ જો સાથે જઈશું, તો બહુ હેરાન થઈશું. રસ્તો પણ ભાગી જશે, અને બળદોને ઘાસચારાની તથા માણસોને બળતણ-પાણીની બહુ તકલીફ પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે જઈને પેલા અવિચારી વેપારીને કહ્યું, "આપણે બંનેએ સાથે જવું ઠીક નથી. તું પહેલો જા, કે હું પહેલો જાઉં."

અવિચારીને થયું કે, હું પહેલો જાઉં તો રસ્તો ભાગી ગયો ન હોય, ઘાસ પણ ઊગેલું હોય, ફળમૂળ પણ ન તોડેલાં હોય, પાણી પણ ડહોળાયું ન હોય, અને મારા માલનો ભાવ પણ હું જ ઠરાવી શકું. તેણે કહ્યું, "હું પહેલો જઈશ!"

વિચારવંતને લાગ્યું કે, પછીં જવામાં જ લાભ છે: રસ્તાના ખાડાટેકરા ધસાઈને સપાટ થયા હોય; ઘરડું ઘાસ ખવાઈ જતાં નવું કોમળ ઘાસ ફૂટ્યું હોય; ફળમૂળ પણ ફરી નવાં બેઠાં હોય; અને પાણી માટે ખોદેલા વીરડા પણ તૈયાર મળે! તેણે કહ્યું: "ભલે, હું પછી જઈશ!"

અવિચારીનો કાફલો પહેલો ચાલ્યો. જ્યારે વસ્તી પૂરી થઈ અને રણમાં દાખલ થવાનું આવ્યું, ત્યારે તેણે વધારાનાં ગાડાંમાં પાણીની મોટી કોઠીઓ ભરી લીધી. ધીમે ધીમે તે રણની અધવચ આવી ગયો.

ત્યાં રહેતા પેલા માણસ-ખાઉ ઠગે વિચાર્યું કે, આ બધા સાથે અત્યારે લડવા કરતાં, તેમનું પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢોળાવી દઉં. પછી જ્યારે તેઓ તરસે તરફડતા હશે, ત્યારે તેમનો જલદી શિકાર થશે!

પછી તેણે એક રથ તૈયાર કર્યો. તેને જુવાન ધોળા બળદ જોડેલા હતા. તેમાં તે બેઠો. સાથે બે-ચાર નોકરો લીધા. તે સૌના હાથમાં કમળો હતાં, અને તેમના હાંડલા તથા કાકડી ખાતા ખાતા તેઓ ચાલતા હતા. તેમના કેશ તથા કપડાં ભીનાં હતાં. રથનાં પૈડાં પણ કાદવથી તાજાં ખરડાયેલાં દેખાતાં હતાં.

પવન સામેથી વાતો હોય, ત્યારે કાફલાનો આગેવાન હંમેશાં આગળ રહે; જથી તેને આગળ ઊડેલી ધૂળ ખાવી ન પડે. પેલા માણસ-ખાઉએ આગળના ગાડામાં બેઠેલા શેઠને જોઈ 'જય' 'જય' કર્યા. પછી વાત વાતમાં ખબરઅંતર પૂછતાં તેણે કહ્યું, "અહીંથી તરત જ આગળ હવે ભીનો મુલક આવે છે. ત્યાં રોજ વરસાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસે છે, અને તળાવ–સરોવર પાણીથી ભરેલાં જ રહે છે. જુઓને, અમે બધા પલળીને આવીએ છીએ. માટે તમારે પાણીની કોઠીઓનો ભાર સાથે રાખવાની જરૂર નથી. ભાર ઓછો હશે તો જલદી આગળ વધી શકશો.”

પેલા અવિચારીએ તો આ સાંભળી, રાજી થઈ, બધી કોઠીઓ ઠલવાવી નાખી, અને વેગથી આગળ વધવા માંડ્યું. પણ દૂર દૂર ગયા છતાં ક્યાંય પાણી ન આવ્યું! છેવટે તરસના માર્યા સૌ તરફડવા લાગ્યા, ત્યારે પેલા માણસ-ખાઉએ તે સૌને સહેલાઈથી મારી નાખ્યા.

અવિચારીને નીકળ્યે છ અઠવાડિયાં પૂરાં થયાં, ત્યાર પછી પેલો વિચારવંત વેપારી પોતાના કાફલા સાથે નીકળ્યો. રણ આવવાનું થતાં તેણે તેની લંબાઈપહોળાઈની બધી ખબર પૂછી લીધી અને કોઠીઓમાં ખૂબ પાણી ભરાવી લીધું. તેનો કાફલો રણની અધવચ આવ્યો, ત્યારે તેને પણ પેલો માણસ-ખાઉ ઠગ પહેલાંની પેઠે આવીને સામો મળ્યો. પણ તે બોલે ત્યાર પહેલાં જ વિચારવંત શેઠ સમજી ગયો કે, હજુ આ રણ ત્રીસ જોજન બાકી છે; તેમાં ક્યાંય પાણી નથી; છતાં આ બધા ભીના દદડતા અને કમળકાકડીઓ ખાતા દેખાય છે, તે જરૂર ઠગ-વિદ્યા જ હોવી જોઈએ. તેથી માણસ-ખાઉએ ઘણું સમજાવ્યા છતાં, તેણે એટલું જ કહ્યું કે, ‘ભલે, તાજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી આવશે ત્યારે આ વાસી પાણી ઢોળીને નવું ભરી લઈશું !'

પેલો ઠગ થાકીને પાછો ચાલ્યો ગયો. ત્યારે ગાહાં-વાળાઓ શેઠને કહેવા લાગ્યા કે, "આગળ પાણી અને વરસાદ નજીકમાં જ છે, તો પછી આ કોઠીઓનો ભાર શું કામ નાહક ખેંચાવો છો? એ ભાર ઓછો થાય તો જલદી મુસાફરી કરી શકાય."

શેઠે પૂછ્યું : "આ રણમાં અધવચ રોજ વરસાદ પડે છે અને કમળથી ભરેલાં સરોવરો આવે છે, એવું તમે પહેલાં કદી સાંભળ્યું હતું?"

"ના જી, આ તો નપાણિયું રણ કહેવાય છે!"

"ઠીક, વરસાદ વરસતો હોય તો તેનો ભીનો પવન કેટલોક આગળ આવે?"

"ચાર ગાઉ ભલા."

"તો તમારામાંના કોઈને શરીરે ભીનો પવન લાગ્યો ખરો?"

"ના જી."

"વરસતા વાદળની ટોચ કેટલા ગાઉથી દેખાય?"

"ચાર ગાઉથી!"

"તમને કોઈને વાદળની જરા જેટલી ટોચ સામે દેખાય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના જી."

"તો પછી, આ બધાં દૂઠડતાં કપડાં, તાજા કાદવ-વાળાં પૈડાં અને કમળના હાંડલા તથા કાકડીઓ એ બધું સાચું શી રીતે હોય? આપણે પાણી ઢોળી દઈએ, અને તરસથી મરવા પડીએ, ત્યારે આવીને આપણને મારી ખાવાનો આ તો પેંતરો છે. આપણી આગળ ગયેલો શેઠ વિચારીને ચાલનારો નહોતો; એટલે મને લાગે છે કે, તે જરૂર છેતરાયો હશે, અને પાણી ઢોળી દઈ નાશ પામ્યો હશે. તેનાં પાંચસોય ગાડાં રસ્તામાં જ પડ્યાં હોવાં જોઈએ."

અને થયું પણ એમ જ; થોડે દૂર જતાં જ તેમને પાંચસોય ગાડાં મળ્યાં. તેમનાં માણસો અને જનવરોનાં હાડકાં આમ તેમ વેરાયેલાં હતાં.

વિચારીને ચાલનારા શેઠે પોતાનાં જ ગાડાં બખડી ગયાં હતાં, તેમને બદલે પેલાંમાંથી સારાં મજબૂત ગાડાં બદલી લીધાં; તથા જગા રોકનારા અને વજનદાર માલની જગાએ પેલાં ગાડાંમાંથી કીમતી માલ ભરી લીધો. થોડા દિવસમાં જ તે રણ પાર કરી ગયો; અને ભારે નફો કરી, હેમખેમ પોતાને દેશ પાછો ફર્યો.

વગર-વિચાર્યું કામ કરનાર પોતાના પગ ઉપર જ કુહાડો મારે છે; વિચારીને કામ કરનાર જ સુખી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. વિચારીને કામ કરનારો પેલો શેઠ જ પછીના જન્મોમાં પોતાના ગુણ વધારતો વધારતો છેવટના જન્મે ભગવાન બુદ્ધ થયો.

૨

બે ફેરિયા

એક ગામના બે ફેરિયા તાંબાપિત્તળનાં વાસણકૂસણ લઈ દૂરના એક શહેર તરફ ફેરી કરવા નીકળ્યા. રસ્તામાં આવતી નદી તેઓએ હોડીમાં બેસી પાર કરી; અને શહેરની ભાગોળે મુકામ કર્યો. તેઓએ વિચાર કર્યો, "આપણે એક જ શેરીમાં સાથે ફરીએ એ સારું નહિ." તેથી તેમણે ફેરીને માટે જુદી જુદી દિશાની શેરીઓ વહેંચી લીધી.

એક ફેરિયો લુચ્ચો અને જૂઠાબોલો હતો. બીજો પ્રમાણિક ને સાચાબોલો હતો. બીજ દિવસે પેલો લુચ્ચો ફેરિયો એક મોટી શેરીમાં ફેરી કરવા નીકળ્યો, "વાસણ લો, વાસણ!"

તે શેરીમાં ખંડેર થઈ ગયેલું એક મોટું ઘર હતું. તે નગરશેઠનું ઘર હતું. વેપાર-રોજગારમાં ખોટ આવવાથી તેની દશા ખરાબ થઈ ગઈ હતી. તે મરી ગયા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના ઘરમાં બીજાં માણસો પણ ધીરે ધીરે મરી ખૂટ્યાં હતાં. છેવટે એક નાની છોકરી અને તેની દાદી એમ બે જણાં જ બાકી રહ્યાં. લોકોને ઘેર કામકાજ કરી ડોસી માંડ પેટ ભરતી હતી, અને છોકરીને ઉછેરતી હતી.

પેલા ફેરિયાને નવાં ચળકતાં વાસણ લઈ ને વેચવા આવેલો જોઈ, છોકરી દોડતી દાદીમા પાસે આવીને કહેવા લાગી : "મને કશુંક નવું વાસણ રમવા લઈ આપોને, મા !"

ગળગળી થઈ દાદીમાએ જવાબ આપ્યો : "બેટા, આપણી પાસે શું છે કે જેનું તને લઈ આપું ?"

છોકરીએ કહ્યું : "દાદીમા, મેં ઉપલે માળ કાટ-માળના ઢગલામાં એક જૂનું તાંસળું જોયું છે; કહો તો એ લઈ આવું."

દાદીમાએ કહ્યું : "ભલે, લઈ આવ."

છોકરી દોડતી દોડતી તાંસળું લઈ આવી. દાદી-માએ તે પેલા ફેરિયાને બતાવીને કહ્યું : "ભાઈ, આના બદલામાં કશુંક આપીને તારી આ નાની બહેનને રાજી કર."

ફેરિયાએ તાંસળું હાથમાં લીધું. જુએ તો તે સોનાનું હતું ! તેણે તેને તળિયે ઘસરકો પાડીને ખાતરી કરી જોઈ. પછી તેણે વિચાર કર્યો કે, આ ડોસીને તાંસળાની કશી ખબર નથી, માટે તેને મફતમાં પડાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાનો સારો લાગ છે. તેણે મોં બગાડીને ડોસીને કહ્યું : "આ તે કાંઈ કામનું છે? બે બદામની કિંમતનું પણ નથી, તેના બદલામાં વળી શું અપાય?"



આમ કહી તેને ઘરમાં પાછું ફેંકી, તે ચાલતો થયો.

છોકરી રડવા જેવી થઈ ગઈ. ડોસીને પણ ઘણું ખોટું લાગ્યું; પણ શું કરે?

તે ફેરિયાના ગયા પછી પેલો બીજો ફેરિયો તે શેરીમાં આવ્યો. તેને જોઈ પેલી છોકરી ફરીથી ડોસીમા પાસે ગઈ. ડોસીમાએ કહ્યું : "બેટા, પેલો હમણાં એ તાંસળું ફેંકી દઈ ચાલ્યો ગયો. હવે બીજો તેનું શું આપવાનો છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરી બોલી "મા, આ ફેરિયો ભલો દેખાય છે. તેને પૂછીએ, જો કદાચ આપે તો."

ડોસીમાએ ફેરિયાને બોલાવ્યો અને તાંસળાના બદલામાં કંઈક આપીને દીકરીને રાજી કરવા આજ્ઞા કરી.

ફેરિયાએ તાંસળું હાથમાં લઈને તપાસી જોયું. તેને પણ તરત ખબર પડી કે તાંસળું સોનાનું છે. તેણે બરાબર તપાસી, તોલ કરીને ડોસીમાને કહ્યું: "માજી, આ તાંસળું સોનાનું છે. એની કિંમત દશેક હજાર રૂપિયા જેટલી થાય. મારી પાસે તો માંડ પાંચસો રૂપિયાનાં વાસણ છે. તે બધાં આપી દઉં તોપણ કશું આપ્યું ન કહેવાય!"

ડોસીએ નવાઈ પામીને કહ્યું: "ભાઈ, આ ફૂટેલું તાંસળું કશી કિંમતનું નથી, એમ કહીને તેને પાછું ફેંકી હમણાં જ એક ફેરિયો ચાલ્યો ગયો. તારા હાથમાં આવતાં તે સોનાનું બન્યું હોય, તોય તે તારું જ છે! તારે તેના બદલામાં જે કાંઈ આપવું હોય તે આપ અને આ દીકરીને રાજી કર."

ફેરિયાએ કહ્યું: "માજી, મારી પાસેનાં આ બધાં વાસણ લો. ઉપરાંત આ પાંચસો રૂપિયા રોકડા છે તે પણ લો. મને ફક્ત મારો કાંટો, વજનિયાં, ખાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોથળો તેમ જ આઠેક રૂપિયા વાટખર્ચ માટે લઇ જવા દો.''

આટલું કહી, પોતાની પાસેનો બધો માલ તથા રૂપિયા ત્યાં ઠાલવી, તાંસળું લઈને તે ઘેર જવા નદીકાંઠે ગયો. ત્યાં તેણે હોડીવાળાને આઠ રૂપિયા આપી પોતાને સામે પાર મૂકી આવવાનું કહ્યું. આખી હોડીનું ભાડું મળતાં હોડીવાળાએ તરત હોડી હંકારી મૂકી.

થોડી વાર બાદ પેલો લુચ્ચો ફેરિયો ડોશીને ઘેર પાછો આવ્યો અને કહેવા લાગ્યો: ''પેલું તાંસળું લાવો. મને આ છોકરીની દયા આવે છે. તેને કશુંક રમવા જેવું કાઢી આપું.''

ડોસીએ તેને ધમકાવીને કહ્યું: ''તું તો એ તાંસળાને બે બદામનું પણ નહોતો કહેતો! પણ તારા ગયા પછી થોડી વારે બીજો એક ફેરિયો આવ્યો, તે તો એને સોનાનું કહીને પોતાની હજારેક રૂપિયાની મતા અમને આપી દઈને, એ તાંસળું લઈ ગયો.''

આ સાંભળીને એ ફેરિયો માથું કૂટવા તથા વાળ પીંખવા લાગ્યો. ''મારા હાથમાં આવેલું દશ હજાર રૂપિયાનું તાંસળું પેલો હરામખોર લઈ ગયો!'' એમ બોલતો બોલતો તે પોતાનો બધો સામાન ડોસીને ઓટલે નાખી, પોતાના ત્રાજવાની લોઢાની દાંડી હાથમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ, પેલાની પાછળ નદી ભણી દોડ્યો. કાંઠે આવીને જોયું તો હોડી નદીની અધવચ પહોંચી ગયેલી.

તેણે હોડીવાળાને હોડી પાછી વાળવા ઘણી બૂમો મારી. પણ હોડીવાળાને પૂરું ભાડું મળેલું, એટલે તેણે હોડી પાછી વાળી નહિ.

પોતાના હાથમાં આવેલું સોનાનું તાંસળું આમ ચાલ્યું જતું જોઈ, એ લુચ્ચો ફેરિયો નિરાશ થઈ કાંઠા ઉપર ઊભો ઊભો દાંડી વડે પોતાનું જ માથું કૂટવા લાગ્યો.

પેલો ઈમાનદાર ફેરિયો જ જનમોજનમ એવાં સારાં કામો કરતો કરતો છેવટે ભગવાન બુદ્ધ થયો.

૩

સામાવતી

કૌશાંબીનો રાજા ઉદયન બુદ્ધ ભગવાનના સમયમાં રાજ્ય કરતો હતો. તેનો રાજભંડારી ઘોષક નામે શેઠ હતો. ઘોષક શેઠને પાસેના રાજ્યમાં રહેતા ભદ્રાવતી નગરના નગરશેઠ સાથે મિત્રતા હતી. તે બંનેએ એકબીજાને નજરે કદી જોયા ન હતા; પરંતુ એકબીજાના ગુણોની વાત સાંભળીને જ તેમની દોસ્તી જામી હતી. તેઓ બંને એકબીજાને વારંવાર ભેટસોગાદ મોકલાવતા અને ખબર-અંતર પુછાવતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક વખત બાદ નગરશેઠના ઘરમાં મહારોગે ઘર કર્યું. એ રોગ ઘરમાં પેસે, ત્યારે સૌથી પહેલાં ઘરની માખ્યો મરે; પછી કીડા-મંકોડા મરે; પછી કૂકડા મરે; પછી ભૂંડ, પછી ગાય, પછી દાસદાસી, અને સૌથી બાદ ઘરનાં માણસો મરે. તેઓમાંથી જેઓ ઘરની ભીંતો તોડી નાખી, ઘર છોડીને ભાગે, તેઓ જ માત્ર બચી જાય.

નગરશેઠ ઘરની ભીંતો તોડી પાડીને પોતાની પત્ની અને સામાવતી નામની દીકરીને લઈને નાઠો, અને કૌશાંબીમાં પોતાના મિત્ર ઘોષક શેઠ પાસે જવા નીકળ્યો. પરંતુ કમનસીબે તેમની સાથેનું ભાથું, ધન વગેરે રસ્તામાં જ લૂંટાઈ ગયું, તથા ખૂટી ગયું; અને તે ત્રણે ભૂખે-તરસે અથડાતાં-કૂટાતાં ભારે દુઃખી હાલતમાં મુસાફરી કરવા લાગ્યાં.

એમ કરતાં કરતાં કૌશાંબી પહોંચ્યા પછી તેઓ બહારના તળાવમાં નાહ્યાં અને દરવાજા પાસેની એકાદ ધર્મશાળામાં વાસો રહ્યાં. નગરશેઠે પોતાની પત્નીને કહ્યું કે, "આવા દુકાળિયાને વેશે રાજભંડારી ઘોષક શેઠને ત્યાં જઈએ તો સારું નહિ. માટે આપણે એક-બે દિવસ અહીં ધર્મશાળામાં જ રહીએ. ઘોષક શેઠ રોજ સવારે ગરીબગુરબાંને ઘણું ખાવાપીવાનું દાનમાં આપે છે. આપણે આપણી દીકરીને મોકલીને ત્યાંથી ખાવાનું મંગાવીએ; પછી બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણ દિવસ ખાઈ-પીને કંઈક ટટાર થયા બાદ ધોષક શેઠને મળીએ !''

પત્નીએ કહ્યું : 'વારુ.'

બીજ દિવસે તેઓએ સામાવતીને કહ્યું : ''બેટા ! તને ભીખ માગી લાવવા મોકલતાં અમને દુઃખ થાય છે; પણ તું તારું મન કઠણ કરીને ધોષક શેઠનું ઘર પૂછતી જા. તેને ત્યાં રોજ અન્નનું દાન અપાય છે. ત્યાંથી કાંઈક ખાવાનું લઈ આવ. બે-ત્રણ દિવસ આમ કોઈ ન ઓળખે તે રીતે રહીને, પછી આપણે સૌ તેને મળવા જઈશું.''

સામાવતી પોતાનું કાળજું કઠણ કરીને બીજાં ગરીબ-ગુરબાં સાથે ભીખ માગવા ધોષક શેઠને મકાને ગઈ. ખાવાનું વહેંચનારે તેને પૂછ્યું : 'કેટલાં ભાણાં ?'

તેણે જવાબ આપ્યો : 'ત્રણ !'

તેને તે પ્રમાણે ત્રણ ભાણાં આપવામાં આવ્યાં. સામાવતી તે લઈને ઉતારે આવી. પછી મા-દીકરીએ પોતાનાં ભાણાં પણ નગરશેઠને ધરીને કહ્યું : ''દુઃખ તો ભલભલાને પણ આવી પડે છે; તમે કશું મનમાં લાવ્યા વિના આ ત્રણે ભાણાંમાંથી જેટલી ભૂખ હોય તેટલું આજ નિરાંતે ખાઓ; અમારો વિચાર મનમાં ન લાવશો.''

તેઓએ આગ્રહ કરીને તેને ખવરાવ્યું. તેણે પણ ઘણા દિવસની એકઠી થયેલી ભૂખને લીધે વધારેપડતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાઈ લીધું. પણ ખાધા પછી તેનાથી તે કશું પચાવી શકાયું નહીં, અને રાત પૂરી થતાંમાં તો તે મરણ પામ્યો. મા-દીકરી બહુ દુઃખી થયાં અને રડ્યાં.

બીજે દિવસે સામાવતી બીજી વાર ઘોષકને ત્યાં ખાવાનું માગવા ગઈ. તેને પૂછવામાં આવ્યું : 'કેટલાં ભાણાં ?'

તેણે જવાબ આપ્યો : 'બે !'

બે ભાણાં મળ્યાં, તે લઈને સામાવતી ઉતારે પાછી આવી. તેણે પણ માને સમજાવી-પટાવીને બંને ભાણાંમાંથી પેટ ભરીને ખવરાવ્યું. પરંતુ તે જ રાતે તેની મા પણ અપચાથી મરી ગઈ.



ત્રીજે દિવસે ભૂખની મારી તથા શોકથી ગભરાયેલી સામાવતી ત્રીજી વાર ઘોષકને ઘેર ભીખ માગવા ગઈ. તેને પૂછવામાં આવ્યું : 'કેટલાં ભાણાં ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે જવાબ આપ્યો : 'એક!'

સુમિત્ર નામનો ઘોષક શેઠનો કુટુંબી આ ભાણાં આપવાનું કામ કરતો હતો. તે ત્રણ દિવસથી આ છોકરીને ભાણાં લેવા આવતી જોતો હતો. તેણે તરત તેને ધમકાવીને કહ્યું : "કેમ કૂતરી! આજે તને તારા પેટનું માપ સમજાયું ખરું!"

આખરદ્વાર ઘરની દીકરી, એટલે આવાં કડવાં વેણ તેને કટારની પેઠે હૃદયમાં વાગ્યાં. તેણે પૂછ્યું : "આપ આમ શા માટે કહો છો?"

પેલાએ કહ્યું : "પરમ દિવસે તું ત્રણ ભાણાં લઈ ગઈ; ગઈ કાલે બે લઈ ગઈ; અને આજે હવે એક જ લઈ જાય છે. એટલે કે, આજે છેવટે તને તારા પેટનું સાચું માપ સમજાયું ખરું ને?"

સામાવતીએ કહ્યું : "એવું ન માનશો કે એ બધું હું જૂઠું બોલીને મારે માટે લઈ ગઈ હતી. પહેલે દિવસે અમે બાનાર ત્રણ હતાં : અને આજે હું એકલી છું."

"એમ કેમ?"

સામાવતીએ બધી વાત શરૂથી માંડીને કહી. પેલાની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. તે તરત તેનો હાથ પકડીને બોલ્યો : "બેટા! કાલ સુધી તું નગરશેઠની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીકરી હતી; આજથી તું મારી દીકરી છે. ભૂખથી મરી જતાં હોય તોપણ સારા ઘરનાં છોકરાં સિવાય બીજું કોઈ આમ મફત મળતું હોય ત્યારે પણ સાચ ન છોડે. ચાલ મા, મારે ઘેર ચાલ!"

આમ કહી, બધું કામકાજ પરવારી, પેલો તેને પોતાને ઘેર લઈ ગયો; અને તેને પોતાની દીકરી તરીકે ઉછેરવા લાગ્યો. રોજરોજ તે તેનું ડહાપણ, ન્યાયબુદ્ધિ, અને હોશિયારી જોઈ-જોઈને રાજી થવા લાગ્યો.

એક દિવસ સામાવતીએ દાનશાળા આગળ બહુ ધૂમાધૂમ તથા ધાંધળ મચેલું જોયું. તેણે પોતાના પાલક-પિતાને કહ્યું : "પિતાજી! ભાણાં આપતી વખતે આવું બધું ધાંધલ શા માટે થવા દો છો?"

"શું કરીએ? લેવા આવનારા ધક્કા-મુક્કી કરે છે, તથા ધાંધલ મચાવે છે; તેથી હું તો ત્રાસી ગયો છું."

"પિતાજી! તમે એ મકાનની આસપાસ વાડ કરાવી દો; પછી અંદર પેસવાનો એક અને નીકળવાનો એક એમ બે રસ્તા વળીઓ બાંધીને રાખો. તે પણ એટલા સાંકડા રાખજો કે જેથી એકી સાથે એક જ માણસ તેમાં આગળ વધી શકે! આમ કરશો તો આ બધી પડાપડી અને ધમાચકડી બંધ થઈ જશે."

"ખરું કહ્યું બેટા!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા દિવસથી ભાણાં વહેંચવાની જગાએ આ પ્રમાણે મજબૂત વળીઓની વાડ તૈયાર કરી દેવામાં આવી. પરિણામે કશી ધૂમાધૂમ વિના શાંતિથી બધું કામ પતી જવા લાગ્યું.

પહેલાં ઘોષક શેઠને રોજ પોતાની દાનશાળા આગળ મચી રહેતી ધમાલ સંભળાતી. પણ હવે તેને વિચાર આવવા લાગ્યો કે, મારી દાનશાળા આગળ કશી ધૂમાધૂમ કેમ સંભળાતી નથી? તેણે સુમિત્રને બોલાવીને પૂછ્યું : "ભાઈ, આજકાલ ભાણાં વહેંચવાનું બંધ છે કે શું?"

"ના જી; ભાણાં રોજની જેમ જ વહેંચાય છે!"

"તો પછી, તે બાજુથી કશી ધૂમાધૂમ કેમ સંભળાતી નથી?"

"મેં એવી વ્યવસ્થા કરી છે કે, હવે ભાણાં લેનારા કશી પડાપડી કે ધૂમાધૂમ કર્યા વિના જ ભાણાં લઈ જઈ શકે."

"તો આટલા દિવસ તને તેમ કરવાનું કેમ સૂઝ્યું નહોતું?"

"આજ સુધી મને જ એ ઉપાયની ખબર ન હતી!"

"એમ હવે કયાંથી અચાનક ખબર પડી ગઈ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી દીકરીએ મને એ ઉપાય બતાવ્યો."

"તારી દીકરી આજ સુધી કેમ કદી મારા જોવામાં આવી ન હતી?"

જવાબમાં સુમિત્રે ઘોષક શેઠને ભદ્રાવતીના નગર-શેઠની બધી વાત કહી સંભળાવી. એ સાંભળી ઘોષક શેઠ તરત બોલી ઊઠ્યો: "અરે! તેં આજ લગી મને એ વાત કેમ ન કહી? એ તો મારા ભાઈબંધની દીકરી થાય; એટલે તે મારી જ દીકરી કહેવાય." તેણે તરત જ સામાવતીને તેડાવી મંગાવી, અને તેને ધારી ધારીને જોયા પછી આંસુભરી આંખે કપાળે ચુંબન કરીને પોતાના ખોળામાં બેસાડી.

ત્યારથી સામાવતી ઘોષક શેઠની દીકરી તરીકે ઊછરવા લાગી. પોતાનાં ડહાપણ અને ચતુરાઈથી તેણે ઘોષક શેઠનાં ઘણાં અટપટાં કામ ઉકેલવા માંડ્યાં; અને છેવટે કૌશાંબીના રાજા ઉદયનની નજરે પડતાં તેણે તેનું માગું કરી તેને પોતાની પટરાણી બનાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

કુબ્જા દાસી

સામાવતી રાણીને ઉદયન રાજા રોજ આઠ સોના-મહોરો ફૂલ ખરીદવા આપતો. સામાવતી રાણીની કુબ્જા દાસી રોજ માળી પાસેથી ફૂલ ખરીદી લાવતી. એક દિવસ નિયમ મુજબ કુબ્જા ફૂલ ખરીદવા આવી. માળીએ કહ્યું: "આજે મેં ભગવાન બુદ્ધને મારે ઘેર નોતર્યા છે; એટલે તું જરા થોભ. તેમના ગયા પછી જે ફૂલ બાકી રહે, તે આજે તને મળી શકશે!"

પેલી કુબ્જા રાહ જોતી ત્યાં બેઠી. થોડી વાર બાદ ભગવાન બુદ્ધ ત્યાં પોતાની મંડળી સાથે પધાર્યા. પૂજન બાદ તેમણે જે સાદો, સરળ છતાં સચોટ ઉપદેશ આપ્યો, તે પણ તેણે સાંભળ્યો.

તે સાંભળી તેના અંતરમાં ભક્તિભાવ જાગ્યો; અને ભગવાન જવા લાગ્યા ત્યારે તેણે તેમને પ્રણામ કર્યા. ભગવાને તેના તરફ કૃપાભરી નજર કરી.

હવે, આજ સુધી તેને એવી ટેવ હતી કે, ફૂલ ખરીદવા મળેલી આઠ સોનામહોરોમાંથી તે ચાર સોના-મહોરો ચોરી લેતી, અને ચાર સોનામહોરોનાં જ ફૂલ લઈ જતી. પણ આજે તેણે આઠે સોનામહોરનાં ફૂલ ખરીદ્યાં. સામાવતીએ ફૂલનો તે ઢગલો જોઈને કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ બહેન! આજે રાજાએ આપણને ફૂલ માટે બમણા પૈસા આપ્યા છે કે શું?"

દાસીએ જવાબ આપ્યો: "ના જી!"

"તો પછી આજે આ ફૂલ વધારે કેમ લાગે છે?"

"આજ સુધી હું આઠમાંથી ચાર મહોર ચોરી લેતી, અને ચારનાં જ ફૂલ લાવતી."

"તો આજે કેમ અચાનક આઠનાં લાવી?"

"આજે મેં ભગવાન બુદ્ધનો સદુપદેશ સાંભળ્યો, એટલે મને ચોરી કરવાનું મન ન થયું!"

આ વાત સાંભળી, સામાવતીએ બીજી કોઈની માફક ધૂમાધૂમ ન કરી કે, "ચોર! જુઠ્ઠી! રાંડ! લાવ આજ સુધીની ચાર-ચાર મહોર પાછી; નહીં તો રાજા પાસે ન્યાય કરાવી તારાં નાક-કાન કપાવું છું!" પણ તેણે એટલું જ કહ્યું: "બહેન! જે ઉપદેશ સાંભળીને તને હાથમાં આવેલી સોનામહોરો જતી કરવાનું મન થયું, તે ઉપદેશના અમૃતમાંથી મને પણ થોડો ભાગ આપ!"

કુબ્જાએ રાણીને ભગવાનના ઉપદેશમાંથી પોતાને યાદ હતું તે કહી સંભળાવ્યું. રાણીને તે દિવસથી બુદ્ધ-ભગવાન પ્રત્યે પૂજ્યભાવ જાગ્યો. પણ રાજાની રાણી, એટલે જાતે ગમે તેની પાસે જઈ ન શકે; તેથી એ દાસીને જ વારંવાર ભગવાનનો ઉપદેશ સાંભળવા મોકલીને, તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોંએથી સાંભળેલી વાતો વડે જ પોતાના અંતરની ધર્મ-ભૂખ તે મટાડતી.

૫

માગંદિયા રાણી

સામાવતી ઉપરાંત ઉદયન રાજાને માગંદિયા નામની રાણી પણ હતી. તે માગંદિયા ઉદયનને પરણી, ત્યાર પહેલાં તેના પિતાએ તેને બુદ્ધ ભગવાન સાથે પરણાવવા ઇચ્છા કરી હતી. માગંદિયા એટલી બધી સ્વરૂપવતી હતી કે, તેનો પિતા કોઈ વરને તેને લાયક ન ગણી, બધાં માગાં પાછાં જ ઠેલ્યા કરતો હતો. પણ એક વખત ભિક્ષા માગવા આવેલા બુદ્ધને જોઈ, તેમને પોતાની પુત્રીને યોગ્ય વર માની, તે પોતાની પુત્રીને ભિક્ષા સાથે જ તેમને અર્પણ કરવા લાવ્યો. પણ બુદ્ધે તેનો સ્વીકાર ન કર્યો; ઊલટાં માગંદિયાનાં માત-પિતા તેમની પાસે સાધુ થઈ ગયાં. માગંદિયાને પછી તેના કાકાએ ઉદયન રાજા સાથે પરણાવી. માગંદિયાને ત્યારથી બુદ્ધ પ્રત્યે વેર બંધાયું હતું. બુદ્ધને નુકસાન કરવાનો ઉપાય તે હંમેશ શોધ્યા કરતી.

ઉદયન રાજાના મહેલની પછીતે થઈને જે રાજ-માર્ગ જતો, તે રસ્તે થઈને બુદ્ધ ભિક્ષા વગેરે માટે નગરમાં જતા આવતા. પણ રાજાના રણવાસમાં રાજમાર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બારી હોય નહીં. કુબ્જાના કહેવાથી સામાવતીએ તે ભીંતમાં એક બાકું કરી રાખ્યું, અને તેમાંથી તે કોઈ કોઈ વાર બુદ્ધ ભગવાનનાં દર્શન પામતી.

માગંદિયાએ એ જાણીને રાજાના કાન ભંભેરવા માંડ્યા: સામાવતી રાણી રાજમાર્ગ ઉપરની ભીંતમાં બાકાં રાખે છે અને કોણ જાણે શા શા ગોટાળા ચલાવે છે! રાજાએ એક દિવસે જાતે જઈને તે વાતની ખાતરી કરી. પણ બાકું રાખવાનું સાચું કારણ સામાવતીએ કહેતાં, તેણે જરા પણ ગુસ્સે થયા વિના તથા કશી આકરી સજા કરવાને બદલે તરત કડિયા બોલાવીને તે બાકું પુરાવી દીધું; અને ભીંત કોચાવીને એક સુંદર ઝરૂખો કરાવ્યો! હવે સામાવતી ઝરૂખામાં રહી નિરાંતે ભગવાનનાં દર્શન કરવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગંદિયા આ ઉપાયમાં ન ફાવી, એટલે તેણે બુદ્ધ ભગવાનને જ હેરાન કરવાની પેરવી કરવા માંડી. ઉદયન રાજાના રાજ્યમાં શરૂઆતમાં બહુ લોકો બુદ્ધ ભગવાનના ભક્ત બન્યા નહોતા. એટલે તેણે કેટલાક લોકોને લાંચ આપીને સમજાવ્યા-ફોસલાવ્યા; તથા ગૌતમ-બુદ્ધ ભિક્ષા માટે રસ્તા ઉપર જાય-આવે, ત્યારે તેમની પાછળ પડી, હોકારા-બકારા કરી, ગમે તેવા આક્ષેપો કરી, તેમને નગરમાંથી ભગાડી મૂકવાનું સૂચવ્યું.

તે પ્રમાણે જ્યારે ગૌતમબુદ્ધ નગરમાં દાખલ થતા, ત્યારે તે લોકો તેમની પાછળ ધાંધલ મચાવતા.

બુદ્ધ ભગવાનના પ્રિય શિષ્ય આનંદને આ બધું જોઈ બહુ સંતાપ થવા લાગ્યો. તેણે ભગવાનને કહ્યું : "ભગવંત! આ નગરના લોકો આપણને ગાળો ભાંડે છે તથા નિંદા કરે છે, માટે આપણે બીજા સ્થળે ચાલ્યા જઈએ!"

"ક્યાં જઈશું આનંદ?"

"કોઈ બીજા નગરમાં."

"ત્યાં પણ લોકો આપણને ગાળો ભાંડશે, તો પછી આપણે ક્યાં જઈશું?"

"ત્યાંથી પણ કોઈ બીજા નગરમાં, ભગવંત!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ તે નગરના લોકો પણ આપણને ગાળો ભાંડશે, તો પછી ક્યાં જઈશું?"

"ત્યાંથી પણ કોઈ બીજા નગરમાં!"

"આનંદ! આમ ન વિચારવું જોઈએ, તથા ન બોલવું જોઈએ. જ સ્થળે કાંઈ મુશ્કેલી ઊભી થાય, તે સ્થળે જ તેનો ઉપાય કર્યા બાદ ત્યાંથી બીજે જવું જોઈએ. અહીં આપણને કોણ ગાળો ભાંડે છે?"

"ભગવંત! દાસ, દાસી સૌ કોઈ આપણને ગાળો ભાંડે છે."

"આનંદ! હું તો પલોટાયેલા — ઉત્તમ હાથી જેવો છું. સારો હાથી રણમેદાનમાં દાખલ થયા બાદ ચારે દિશામાંથી આવતાં બાણો વાગવા છતાં ત્રાસીને નાસભાગ કરતો નથી; અને અડગ રહી, વિજયવંત નીવડે છે. તેમ જ હું પણ ચારે બાજુથી વરસતી નિંદા તથા ગાળોથી ગભરાઈને નાસભાગ કરતો નથી; પણ તેમની સામે અડગ ઊભો રહું છું. એમ અડગ રહેનાર જ વિજયવંત નીવડે છે."

ભગવાનનાં આ વાક્યો સૌને ગમી ગયાં. પેલા બધા લોકો થોડા દિવસ ધાંધલ મચાવ્યા પછી બુદ્ધ ભગવાન અને તેમના શિષ્યોની સહનશીલતા અને ક્ષમા જોઈને, શાંત થઈ ગયા તથા શરમાઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

વેરનાં માઠાં ફળ !

માગંદિયા રાણી બુદ્ધ ભગવાનને શહેર બહાર ભગાડી મૂકવામાં સફળ ન થઈ, એટલે પછી તેણે બીજી યુક્તિઓ અજમાવવા માંડી.

ઉદયન રાજા કોઈ કોઈ વખત બહુ સખત નશો કરતો. તેવે એક વખતે, માગંદિયાએ એવી ગોઠવણ કરી કે, માગંદિયાનો કાકો આઠ જીવતા કૂકડા અને બીજી કૂકડા જેવી દેખાતી પણ ઢાંકેલી શાક-ફળ વગેરે સામગ્રી ભેટ લઈને આવ્યો; અને બારણા બહાર ઊભો રહ્યો. માગંદિયાએ પીધેલ રાજાને તેમાંથી આઠ જીવતા કૂકડા જ લઈને બતાવ્યા તથા તેમનું વર્ણન રસપૂર્વક કરવા માંડ્યું. રાજાએ તરત જ કહ્યું, "આ તો બહુ સારું થયું; મને હમણાં આ માંસ ખાવાનું જ મન થયું હતું, અને આ કૂકડા આવ્યા ! ચાલો, તરત મને ભોજન બનાવી આપો !" માગંદિયાએ પોતાની દાસીને એ કૂકડા આપીને કહ્યું, "હું અત્યારે રાજાજીની સેવામાં છું; અને રાજાજીએ રાણીને હાથે જ રાંધેલું ભોજન ખાવાની મરજી બતાવી છે; માટે તું આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂકડા સામાવતી રાણી પાસે લઈ જા, અને તેને કહે કે તરત રાંધીને તે ભોજન તૈયાર કરે."

થોડી વારમાં દાસી કૂકડા પાછા લઈને આવી. તેણે કહ્યું કે, "સામાવતી રાણીએ હવે ભોજન માટે જીવહત્યા ન કરવાનું કે કરાવવાનું વ્રત લીધું છે, માટે તે બહુ દિલગીર છે; પરંતુ રાજાજી ફરમાવે, તો તે બીજાં ઉત્તમ પકવાન્ન સ્વહસ્તે તરત તૈયાર કરીને મોકલે."

માગંદિયા એ સાંભળીને રાજાને સંભળાવતી બોલી, "હું બધું જાણું છું; રાજાજીને માટે માંસ રાંધવાનું આવ્યું ત્યારે વ્રત સામે ધરે છે; પરંતુ તેના માનીતા બુદ્ધ-ગુરુ સારુ રાંધવાનું હોય, તો કૂકડો તો શું બકરું પણ કાપવા બેસે. જુઓ રાજાજી, હું હમણાં આ તમારી સાધુડી રાણીના ફંદ ઉઘાડા પાડી આવું છું તે!"

આમ કહી, માગંદિયાએ ફરીથી દાસીને બોલાવીને તેને પેલા જીવતા કૂકડા નહીં, પણ તેમના જેવી દેખાતી ઢાંકેલી બીજી જ શાક-ફળ વગેરે વસ્તુઓ પોતાના કાકા લાવ્યા હતા, તે ચાલાકીથી બદલીને આપી; અને કહ્યું કે, સામાવતી રાણીને જઈને કહે કે આ બધાની ઉત્તમ વાની તૈયાર કરી, બુદ્ધ ભગવાનને ભોજન માટે મોકલો, એવું રાજાજીએ કહેવરાવ્યું છે.

દાસીએ પાછી આવીને માગંદિયાને સમાચાર કહ્યા કે, "સામાવતી રાણી રાજાજીનો આ હુકમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાભળી બહુ ખુશ થઈ ગયાં, અને તરત જ ઉતાવળાં એ બધું લઈ ને રસોડા તરફ દોડ્યાં!''

માગંદિયાએ રાજાને કહ્યું : ''જોયું! આ તમારી ભગતડી રાણી! જે ફૂફડા તમારા માટે રાંધતાં તેને પાપ લાગતું હતું, તે જ ફૂકડા તેના ભગવાન માટે રાંધવા તો ઉતાવળે રસોડા તરફ દોડી!''

રાજા અકળાયો ખરો; પણ માત્ર એટલું જ બોલ્યો : ''હું.''

રાજાના મનમાં સામાવતી પ્રત્યે આમ અણગમો ઊભો કરાવ્યા બાદ માગંદિયાએ આગળ વધવા માંડ્યું. ઉદયન રાજા વીણા વગાડવાનું સારું જાણતો. પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનીતી વીણાને તે કદી પોતાનાથી દૂર નહોતો મૂકતો. રાત્રે સૂતી વખતે પણ તે વીણાને ઓશીકે જ રાખતો.

માગંદિયાએ એક ઝેરી સાપ પોતાના કાકા પાસે મંગાવ્યો અને રાજા દિવસે ઊંઘતો હતો તે વખતે તેની વીણાના તુંબડાના કાણામાં થઈ ને તેને અંદર સરકાવી દીધો. પછી ફૂલના ગુચ્છાથી તે કાણું બંધ કર્યું. હવે તે જ રાતથી રાજાનો સામાવતીને મહેલે સાત રાત રહેવા જવાનો વારો હતો. રાજા જ્યારે તે પ્રમાણે વીણા લઈ ને જવા તૈયાર થયો, ત્યારે માગંદિયાએ મોં વીલું કરી નાખીને તથા આંખમાં આંસુ લાવીને રાજાને કહ્યું કે, "તમે આ વખતે સામાવતીને મહેલે ન જશો. ગઈ રાતે મને એવું ખરાબ સ્વપ્ન આવ્યું છે કે, જાણે ત્યાં તમારા માથે ઘાત છે!"

પણ માગંદિયાએ ધાર્યું હતું તેમ રાજા તો જીદ કરીને સામાવતીને મહેલે જવા જ લાગ્યો. એટલે માગંદિયાએ તેને સામાવતીના મહેલ સુધી જાતે મૂકવા આવવાની પરવાનગી માગી. રાજાએ હસીને એ પરવાનગી આપી. સામાવતીને મહેલે પહોંચી, રાજા પલંગને ઓશીકે વીણા મૂકીને જરા આડો પડ્યો; એટલે તરત માગંદિયા આંખમાં આંસુ સાથે તેને સાવચેત રહેવાનું કાનમાં કહેવા નીચી નમી; અને બીજા હાથે ધીમે રહીને તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીણાના તુંબડામાંથી ફૂલનો ગુચ્છો ખેંચી કાઢ્યો. તરત જ અંદર અકળાઈ રહેલો સાપ ફણા કાઢી બહાર ધસી આવ્યો. એટલે માગંદિયા રાજાને બે હાથે પકડી, પથારીમાંથી બહાર ખેંચી લાવી; અને સાપ બતાવતાં બોલી : "જુઓ તમારો ઘાટ ઘડવા તમારે ઓશીકે તમારો કાળ કેવો તૈયાર રાખ્યો છે તે! રાજા મરી જાય એટલે રાંડોને નિરાંતે બુદ્ધ સાથે મહાલવાનું મળે!"

રાજા આ બધું જોઈ સાંભળી ઘણો ગૂંચવાયો, અને પછી ગુસ્સે થયો. તેણે સામાવતી અને તેના મહેલની બધી પરિચારિકાઓને એક પછી એક ઊભી રાખી; અને સામાવતીને સૌથી મોખરે રાખી. પછી તેણે પોતાનું જંગી ધનુષ્ય તૈયાર કર્યું અને એક જ બાણથી તે બધીને એકસામટી પોતાને હાથે વીંધી નાખવા બાણ ચડાવ્યું.

સામાવતી આ બધું માગંદિયાનું કાવતરું છે એમ તરત સમજી ગઈ. પંરતુ તેણે શાંતિથી પોતાની દાસીઓને એટલું જ કહ્યું, "બહેનો! મનને જરા પણ બગડવા દેશો નહીં. આવાં મોત તેમ જ કમોત પહેલાંના જન્મોમાં કેટલીય વાર આપણને મળ્યાં હશે, અને હજુ મળશે. પરંતુ આ વખતે આપણને એટલી નિરાંત છે કે, આપણો કશો અપરાધ નથી; તેમ જ આ જન્મમાં આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનની સોબતથી તેમનો ઉપદેશ સાંભળી ધર્મને કંઈક સમજ્યાં છીએ અને આચર્યો છે. વળી, આપણાં પોતાનાં શુભ-અશુભ કર્મ સિવાય બીજું કોઈ આપણું ભલું અથવા બૂરું કરી શકતું નથી; માટે મરતી વખતે રાજાજી વગેરે માટે તો મનમાં શુભેચ્છા જ રાખજો."

રાજાને સામાવતીની શાંત મુખમુદ્રા જોઈને તથા તેની આ વાત સાંભળીને તરત મનમાં ખટકો થયો. તેણે ધનુષ્ય હાથમાંથી દૂર ફેંકી દીધું, અને સામાવતીની પાસે જઈ તેનો હાથ પકડીને કહ્યું: "રાણી હું મૂંઝાઈને આંધળો ભીંત બની ગયો છું; પણ તું જાણે બધું દેખતી હોય તેમ શાંત અને સ્વસ્થ છે. મને કંઈક માર્ગ બતાવ!"

સામાવતીએ મોં નીચું નમાવી માત્ર એટલું જ કહ્યું: "રાજાજી, ધર્મરૂપી જે દીવો મને મળ્યો છે, તે જ તમને પ્રકાશ આપનારો થાઓ!"

બધી રીતે પોતાના ઉપાયોમાં હેઠી પડતી માગંદિયાએ, પછી એક દિવસ, રાજા નગર બહાર ગયો હતો તે વખતે, સળગી ઊઠે તેવા પદાર્થો સામાવતીના મહેલમાં મોકલાવ્યા અને ચારે તરફ ગોઠવાવ્યા. રાજાએ મહેલને સમરાવવા આ બધું મોકલાવ્યું છે, એવું મહેલનાં માણસોને કહેવામાં આવ્યું. પછી, રાતે સામાવતીના મહેલમાં સૌ કોઈ ઊંઘી ગયું હતું તે વખતે, તે બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સળગાવવામાં આવ્યું. આખો મહેલ ભડભડાટ બળી ગયો, અને અંદરથી કોઈ કશું કહેવા જીવતું ન રહ્યું.

રાજા બીજે દિવસે નગરમાં આવ્યો ત્યારે તેને આ કરુણ ઘટનાની ખબર પડી. પરંતુ બધું એવી ચાલાકીથી થયેલું કે, કોણે આ કરાવ્યું તેની કોઈને ખબર પડતી ન હતી. રાજાને માગંદિયા ઉપર વહેમ ગયો. પણ તેને મોંએ વાત કઢાવવી શી રીતે? એટલે તેણે એક યુક્તિ કરી. એક દિવસ બધા દરબારીઓ ભેગા થઈ સામાવતીના અકાળ મૃત્યુ માટે ખેદ કરીને રાજાને સાંત્વન આપતા હતા, અને માગંદિયા પણ પાસે હતી. તે વખતે રાજાએ કહ્યું: "તમે બધા નાહક શોક બતાવો છો. સામાવતી રાણી બેવફા હતી, અને સાધુઓમાં ફરતી થઈ ગઈ હતી. એક બે વખત તો તેણે મારો જાન લેવાની જ કોશિશ કરી હતી. મારી આ માગંદિયા રાણી એ બધું જાણે છે. તેણે જ એક વખતે સામાવતીના મહેલમાં મારો જાન બચાવ્યો હતો. તે વખતે હું સામાવતીને દેહાંત-દંડની સજા કરવાનો જ હતો, પણ અચકાઈ ગયો હતો. એટલે આ વખતે સામાવતીનું મૃત્યુ અકસ્માતથી થયું હોય કે, મારું હિત ઇચ્છનાર કોઈએ જાણીબૂજીને તેનું કાસળ કાઢ્યું હોય, તોપણ મને તો નિરાંત જ થઈ છે. હવે હું નિર્ભયપણે મારા મહેલમાં સૂઈ શકીશ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માગંદિયા આ સાંભળી તરત બોલી ઊઠી: "રાજાજી! મેં જ આપના માથા ઉપરથી કાયમ લટકતી તલવાર દૂર કરવા, આ કામ કરાવ્યું છે! હવે આપ મારી સાથે પ્રેમથી નિરાંતે રહેજો અને ઉત્તમ ભોગો ભોગવજો."

રાજાએ આટલું સાંભળતાં જ માગંદિયા રાણીનો અને તેનાં મળતિયાં સગાંવહાલાંનો ત્યાં ને ત્યાં ન્યાય ચૂકવી દીધો.

૭

સારો બદલો!

બુદ્ધ ભગવાનના મુખ્ય શિષ્યોમાં સારિપુત્ત એક હતા.

એક વખત નગરમાં કેટલાક લોકો ભેગા થઈ સારિપુત્તનાં ગુણગાન કરતા હતા. 'આર્ય સારિપુત્ત એવા ક્ષમાવાન છે કે, તેમને કોઈ ગાળ ભાંડે કે માર મારે, તોપણ તેમનેં ગુસ્સો ચડે નહીં!'

આ વાત એક બ્રાહ્મણે સાંભળી. તેણે પૂછ્યું: 'કોની વાત કરો છો!'

'અમારા આર્ય સારિપુત્તની.' તેઓએ જવાબ આપ્યો.

બ્રાહ્મણે કહ્યું: 'એ તે વાત છે? કોઈ ચીડવનાર ન મળે ત્યાં સુધી બધા શાંત રહે છે! બધા હાથ જોડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશંસા કર્યા કરે, તો સારિપુત્તને તો શું, કોઈને પણ ગુસ્સો ન ચડે! પણ હું તમને બતાવીશ કે તમારા આર્ય સારિપુત્ત ગુસ્સે થાય છે કે નહીં!'

એટલામાં આર્ય સારિપુત્ત નગરમાં ભિક્ષા માટે આવ્યા. પેલા બ્રાહ્મણે તેમને જોયા કે તરત તેણે તેમની પાછળ જઈ, તેમના બરડામાં જોરથી ધપ્પો માર્યો.

સારિપુત્ત માત્ર એટલું જ બોલ્યા, 'એ શું?' પછી, પાછા વળીને જોયા વિના જ તે શાંતિથી આગળ ચાલ્યા.

પરંતુ એમની એ શાંતિ જોઈ, પેલા બ્રાહ્મણને પોતાના કૃત્યનો પસ્તાવો થયો.

'ઓહો! આર્ય કેવા ગુણના ભંડાર છે!' એવું બોલી, તે તરત તેમને પગે પડ્યો, અને ક્ષમા માગવા લાગ્યો.

સારિપુત્તે પૂછ્યું: 'આ શું?'

બ્રાહ્મણે કહ્યું: 'ભગવન્! મેં આપની સહનશક્તિની પરીક્ષા કરવા આપને જોરથી ધપ્પો માર્યો, પણ મારી એ મોટી ભૂલ થઈ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારિપુત્તે કહ્યું : 'કંઈ નહીં, ભાઈ.'

બ્રાહ્મણે કહ્યું : 'આપ ભિક્ષા માટે નીકળ્યા છો; તો મારે ત્યાં જ પધારો.'

એમ કહી બ્રાહ્મણ સારિપુત્તના હાથમાંથી ભિક્ષા-પાત્ર લઈ આગળ ચાલવા લાગ્યો. સારિપુત્ત પણ તેને ત્યાં ગયા.

બ્રાહ્મણે તેમને પ્રેમથી અને ભક્તિથી જમાડ્યા.

પરંતુ બુદ્ધના ભક્તો એ બ્રાહ્મણ ઉપર ચિડાઈ ગયા હતા. 'એ બ્રાહ્મણે વિના કારણે અમારા સાધુ-મહારાજને ધપ્પો માર્યો; અમે એ બ્રાહ્મણની માઠી વલે કરીશું.' એમ બોલતા બોલતા તેઓ લાકડીઓ, પથરા વગેરે હાથમાં લઈ ત્યાં આવી પહોંચ્યા.

સારિપુત્ત જમીને બહાર નીકળ્યા, ત્યારે પેલો બ્રાહ્મણ તેમની સાથે જ તેમનું પાત્ર ઊંચકી આગળ ચાલ્યો. પેલાઓએ તરત તેને ઘેરી લીધો અને તેને મારવા લીધો.

સારિપુત્તે તેમને પૂછ્યું : 'આ શું ?'

પેલાઓએ જવાબ આપ્યો : 'ભગવન્ ! એ બ્રાહ્મણે આપને પ્રહાર કર્યો, હવે અમે તેનું ફળ તેને ચખાડીશું !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારિપુત્તે તેમને પૂછ્યું : 'એણે ધપ્પો કોને માર્યો હતો ?'

પેલાઓએ કહ્યું : 'આપને, ભગવન્ !'

સારિપુત્તે કહ્યું : 'તો પછી તમારે શું છે ?'

સારિપુત્તે ત્યાર પછી પેલા બ્રાહ્મણને ઘેર પાછો વાળ્યો, અને પોતે બુદ્ધ ભગવાનને ઉતારે ગયા.

બુદ્ધ ભગવાનના બીજા ભિક્ષુઓએ આ વાત જાણી. તેઓ આ સાંભળી ખૂબ અકળાયા. તેઓ કહેવા લાગ્યા : 'આ સારિપુત્તને એક બ્રાહ્મણે વિના કારણ પ્રહાર કર્યો; છતાં સારિપુત્ત તેને ઘેર જઈ જમી આવ્યા ! સારિપુત્ત જેવાને મારનારો એ બ્રાહ્મણ હવે બીજા સામાન્ય સાધુ-ભિક્ષુને શાનો છોડશે ? એ તો હવે અમારાં બધાનાં ઠાઠાં ભાંગી નાખશે. વળી સારિપુર્ત્તે લોકોને હાથે તેને શિક્ષા પણ થવા દીધી નહીં.'

બુદ્ધ ભગવાને ભિક્ષુઓની આ ચર્ચા જાણી. તેમણે તેમને બોલાવીને કહ્યું :

'સંતપુરુષને કોઈએ પ્રહાર ન કરવો જોઈએ; પરંતુ કોઈ પ્રહાર કરે, તોપણ સંતપુરુષે તેના ઉપર કોપ ન કરવો જોઈએ. સંતપુરુષને મારનારને તો ધિક્કાર છે જ; પરંતુ પોતાને મારનાર ઉપર ગુસ્સે થનાર સંતને તો વિશેષ ધિક્કાર છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

સાચું ધન

ચંપા નગરીમાં ધનપાલ નામે ધનવાન ગૃહસ્થ રહેતો હતો. તેને બે પુત્રો હતા. મોટાનું નામ યશપાલ અને નાનાનું નામ સુખપાલ. પિતાએ તેમને ઉંમર થતાં કલાચાર્ય પાસે વિદ્યાઓ શીખવા મોકલ્યા.

યશપાલ એ બધી વિદ્યાઓ કાળજીપૂર્વક મહેનત કરીને શીખતો; પરંતુ સુખપાલ એમ જ વિચાર કર્યા કરતો કે, "આ બધી વિદ્યાઓ શીખીને પણ છેવટે તો ગુજરાન જ ચલાવવાનું છે ને! તેને માટે તો મારા પિતાનું જે ધન અત્યારે મને મળેલું છે, તે જ વાપરતાં ખૂટે તેવું નથી. તો પછી હવે વિદ્યા શીખવા નવી મહેનત શા માટે કરવી?"

સુખપાલના આવા વિચારોથી અને ભણવામાં બેદરકારીથી પિતા ધનપાલ ચિંતા કરતો; પરંતુ માતા ભદ્રા શેઠાણી ન તો ચિડાતી કે ન ખુશ થતી.

એવામાં ધર્મપાલ નામે સાધુ ગામેગામ પગપાળા ફરતા, ચંપા નગરીમાં આવી પહોંચ્યા. ભિક્ષાનો સમય થયે તે ફરતા ફરતા ધનપાલ શેઠને ઘેર આવી પહોંચ્યા. ધનપાલે તેમનો બહુ આદરસત્કાર કર્યો અને પૂજન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે ધનપાલ શેઠનાં કુટુંબીઓ પણ ધર્મપાલ સ્વામીની આસપાસ દર્શનાર્થે વીંટળાઈ વળ્યાં. ત્યારે પ્રસંગ જોઈ, ધનપાલે ધર્મપાલ સ્વામીને વિનયપૂર્વક પૂછ્યું :— "ભગવન્! મારો નાનો પુત્ર સુખપાલ વિદ્યા ભણવાની બાબતમાં આવું આવું માને છે; તો શું તેનું માનવું ઠીક છે?"

ધર્મપાલ સ્વામીએ સુખપાલ સામું જોઈને મંદ મંદ હસતાં હસતાં કહ્યું :— હું હમણાં જ એક ઘટના જાતે જાણીને આવ્યો છું. તે તમને સૌને કહી સંભળાવું છું; તે ઉપરથી તમે આ પ્રશ્નનો જવાબ જાતે જાણી લેજો!

ગઈ કાલે હું પગપાળો . . . ગામથી નીકળી અહીં આવતો હતો. સૂર્યાસ્તનો સમય થવા આવ્યો તે અરસામાં હું ગામ બહાર અશોક વન પાસે આવી પહોંચ્યો. તેમાં આવેલા પૂર્ણભદ્ર યક્ષના સ્થાનક પાસે મેં ઉતારો કર્યો. મોડી રાતે હું ધ્યાન-ચિંતન કરતો એક બાજુ બેઠો હતો. તેવામાં મેં એક માણસને દોડતો ત્યાં આવતો જોયો. તે પોતાના કેશ મૂઠીઓ ભરી-ભરીને તોડતો હતો; તથા વારંવાર પોતાની છાતી ઉપર જોરથી પ્રહાર કરીને 'હાય મૂર્ખતા! ધિક્ મૂર્ખતા!' એમ કહી કલ્પાંત કરતો હતો. તેણે યક્ષને સ્થાનકે આવી, પગથિયાં પાસે બેસી, મોટી ચીસો પાડી રોવા માંડ્યું, તથા પથ્થર ઉપર માથું અફાળવા માંડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આવી દુઃખભરી ચેષ્ટાઓ જોઈ હું ઊઠીને તેની પાસે ગયો. મેં તેને આમ કરવાનું કારણ પૂછ્યું.

તેણે મારા મોં સામું થોડો વખત તાકી-તાકીને જોયા બાદ, જરા શાંત થઈ, પગે લાગી, આ પ્રમાણે કહ્યું :—

"ભગવન્! આપનાં દર્શનથી મારું મન કંઈક શાંત થયું છે. અને આપ મને પૂછો છો, તો મારું મૂર્ખતાભર્યું વૃત્તાંત સાંભળો.

"હું અહીંથી સો કોસ દૂર આવેલા. . . . ગામનો ખેડૂત છું. વારંવાર દુષ્કાળ પડવાથી તથા રાજના મહેસૂલ ઉઘરાવનારા અધિકારીઓના તગાદાથી ત્રાસીને હું મારાં સ્ત્રીપુત્રને કોઈ સગાને ત્યાં મૂકી, આજીવિકા શોધતો આ પ્રદેશમાં આવી પહોંચ્યો. ભૂખ અને થાકથી ત્રાસેલો હું થોડા દિવસ ઉપર આ જ સ્થાનકની બહાર એક વૃક્ષ નીચે આવીને સૂતો અને ધસઘસાટ ઊંઘી ગયો. મોડી રાતે મારા માથા નીચેના દરમાંથી નીકળેલી કીડીઓના ચટકાથી ત્રાસીને હું જાગી ઊઠ્યો. તે વખતે મેં યક્ષના આ મંદિરનાં પગથિયાં ઉપરથી એક પુરુષને હાથમાં વિચિત્ર કદ તથા આકારનો કુંભ લઈને ઊતરતો જોયો. તે ઘણા આનંદમાં હતો. તેણે પગથિયાં ઊતરીને તરત જ તે કુંભને જમીન ઉપર મૂક્યો. પછી તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આસપાસ ફૂંડાળું કરી, તે ધીમેથી બોલ્યો, 'અહીં સુંદર મોટું આસન મંડાઈ જાય તથા ચાર દાસીઓ સોનાનાં પાત્રમાં ઉત્તમ ભોજનસામગ્રી તથા જળ વગેરે લઈને હાજર થાય!'

"હું નવાઈ પામીને, સંતાઈ, જોઈ રહ્યો હતો. તેવામાં તો ત્યાં સોનાનું સુંદર સિંહાસન અને ચાર દાસીઓ હાથમાં ખાનપાનનાં વિવિધ પાત્રો લઈને હાજર થયાં. તેમણે ઘણા વિનયપૂર્વક તે બધું પેલા પુરુષ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રન્નૂ કર્યું. પેલો પુરુષ ભૂખ્યો હોવાથી તરત બધું ખાઇ ગયો. પછી તેણે કુંભ સામું જોઈને ફરીથી કહ્યું કે, 'હવે આ બધું પાછું ચાલ્યું જાય!' એટલે તરત તે દાસીઓ અને સિંહાસન વગેરે હવામાં અલોપ થઈ ગયાં. પેલો પુરુષ પછી તે કુંભને એક વસ્ત્રમાં વીંટી, ત્યાંથી ચાલી જવા તૈયાર થયો. એટલે તરત મેં દોડતા દોડતા તેની પાસે જઈ, તેના પગ પકડી, આજીજી કરતાં કહ્યું, 'હે ભાગ્યશાળી પુરુષ, મેં તમારા આ કુંભનો બધો ચમત્કાર હમણાં નજરે જોયો છે. હું એક બહુ કંગાળ દુઃખી મનુષ્ય છું; તથા ભૂખે મરતો અને અથડાતો કુટાતો અહીં આવ્યો છું. કૃપા કરી, આ કુંભ પાસેથી મને થોડુંઘણું ધન અપાવો!'

"પેલા પુરુષે મારા ઉપર દયા લાવી હસતાં હસતાં કહ્યું, 'ભાઈ! હું પણ તારી પેઠે જ કંગાળ હાલતમાં આ તરફ આવ્યો હતો અને આ ઝાડ હેઠળ આપઘાત કરવા તૈયાર થયો હતો. તેવામાં એક તપસ્વી સાધુએ મારા ઉપર કૃપા લાવી આ કુંભ મેળવવાની વિદ્યા મને શીખવી. તે વિદ્યા સાત દિવસ અને સાત રાત સુધી ઉપવાસ કરી, મંત્ર ભણવાથી સધાય છે. એ વિદ્યાની સાધના હમણાં જ પૂરી થઈ, અને મને આ કુંભ મળ્યો. તે લઈ, હું બહાર નીકળ્યો, અને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરીક્ષા કરવા મેં ભોજનસામગ્રી જ માગી. તેં પણ જોયું કે એ કુંભમાં ખરેખર એવી ચમત્કારી શક્તિ છે. તારી કહાણી પણ બરાબર મારા જેવી જ છે, તો હું તને એ કુંભ કે તે મેળવવાની વિદ્યા એ બેમાંથી જે કહે તે ખુશીથી આપીશ!'

"હું તેનો આ જવાબ સાંભળી રાજી રાજી થઈ ગયો. મેં વિચાર્યું કે, એ વિદ્યા દ્વારા પણ છેવટે આવો કુંભ જ મેળવવાનો છે ને! તો પછી શા માટે હું એ મંત્ર શીખવાની તથા સાધવાની ખટપટમાં પડું? તેના કરતાં આ કુંભ લઈ, તેના વડે મેળવેલા ધનથી મારાં સ્ત્રી–પુત્ર, નાતીલાં વગેરે સાથે આનંદ કરતો થઈ જાઉં, એ જ શું ખોટું?

"આમ વિચારી મેં તેની પાસે કુંભ જ માગ્યો.

"પેલાએ કુંભ વડે પહેલાં થોડું ધન મેળવી લીધું. પછી મને કુંભ આપીને તે તરત ચાલતો થયો. હું પણ તે કુંભ વડે મેળવેલા ઉત્તમ, વેગવંત રથમાં બેસી, જલદી મારે ગામ પાછો ગયો. ત્યાર બાદ કુંભ પાસેથી મેળવેલી સોનામહોરો વડે મેં એક મોટો મહેલ બનાવરાવવા માંડ્યો. મહેલ તૈયાર થતાં મેં મારાં બધાં સગાંવહાલાંને મોટી મિજબાની આપી. તેમાં પુષ્કળ ખાઈ-પી, દારૂ ઢીંચી, આનંદમાં આવી, હું પેલા કુંભને માથા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકી 'વાહ કુંભ! વાહ કુંભ!' કરતો નાચવા લાગ્યો. તે વખતે હાલવાથી મારે માથેથી તે કુંભ જમીન ઉપર પડીને તત્કાળ ફૂટી ગયો. તે કુંભ નાશ પામતાં જ તેના વડે પ્રાપ્ત થયેલી પેલી બધી સામગ્રી પણ તત્કાળ અલોપ થઈ ગઈ! તે જોઈ મારાં સગાંસંબંધીઓ મારી મશ્કરી કરવા લાગ્યાં તથા ઠેકડી ઉડાવવા લાગ્યાં. તે બધાથી ત્રાસી, હું તે બધાંને છોડી આજે જ પાછો આ યક્ષને સ્થાનકે આવી, મારી મૂર્ખતા ઉપર પસ્તાવો કરતો મરવા માટે બેઠો છું. મેં જો થોડો પરિશ્રમ કરવાનું કબૂલ રાખી, પેલા પુરુષ પાસે કુંભને બદલે કુંભની વિદ્યા જ માગી લીધી હોત, તો એક કુંભ ફૂટતાં હું બીજો કુંભ મેળવી શકત, અને મારી સુખસંપત્તિ કાયમ રહેત!"

આટલે સુધી આવ્યા બાદ ધર્મપાલ સ્વામીએ સુખપાલ તરફ નજર કરીને કહ્યું, એ માણસ કાલ રાતનો હજુ પણ તે પગથિયાં પાસે જ પડેલો છે!

સુખપાલે આ સાંભળી, તરત પોતાના નોકરોને એક વેગવાન રથ લઈ યક્ષને સ્થાનકે જવા તથા ત્યાંથી તે પુરુષને તેડી લાવવા કહ્યું.

નોકરો થોડી વારમાં જ દુઃખ–તાપથી પીડાયેલા તે હતભાગી પુરુષને ત્યાંથી લઈ આવ્યા. તેણે ધર્મપાલ સ્વામીને ત્યાં બેઠેલા જોઈ, તેમને ભક્તિપૂર્વક નમસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યા, તથા તેમના કહેવાથી પોતાનું આખું વૃત્તાંત ફરીથી કહી સંભળાવ્યું.

સુખપાલ તે સાંભળી, આંસુભરી આંખે ઊભો થયો, અને ધર્મપાલ સ્વામીને પગે લાગી કહેવા લાગ્યો, 'ભગવન્, આપે આજ મને, આંધળાને આંખો આપી છે, તથા અંધારામાં ભટકતાને પ્રકાશ બતાવ્યો છે. હું મારી મૂર્ખતાથી આ પુરુષની પેઠે મારા વિનાશને પંથે વળતો હતો, ત્યાંથી આપે કૃપા કરીને મને સન્માર્ગે પાછો આણ્યો છે. હવે હું બરાબર સમજ્યો છું કે, વિદ્યા એ જ સાચું ધન છે; અને વિદ્યા મેળવવા સારુ જ પ્રયત્ન કરવો જોઈએ!'

ધનપાલ શેઠે બીજ દિવસે પેલા બ્રેહૂતને પૂરતું ધન આપી, તેને ઘેર વિદાય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજશિક્ષણને લગતાં કેટલાંક પુસ્તકો

પ્રાચીન શીલકથાઓ	ગોપાળદાસ પટેલ	૦–૭–૦
વેર અને બદલો	,,	૦–૭–૦
બોધક ટીકડીઓ	મુકુલભાઈ કલાર્થી	૦-૧૨-૦
શીલ અને સદાચાર	,,	૦–૬–૦
મોટાં માણસોનાં મન	,,	૦–૯–૦
પચાસ પ્રેરક પ્રસંગો	,,	૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો	,,	૦-૧૦-૦
ભક્તરાજ	,,	૧–૦–૦
જાણવા જેવી વાતો	,,	૦–૬–૦
સંત-સમાગમ	,,	૦–૬–૦
સ્વરાજ એટલે શું	મગનભાઈ દેસાઈ	૦–૭–૦
આપણા દેશમાં આપણું રાજ્ય	,,	૦–૭–૦
આપણું પરમ યંત્ર	,,	૦–૬–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar